**–: સ્પે.દી.મુ. નં. ૧૨૩/૧૩ના કામે આંક–૧ તળે હુકમ :–**

---

(૧) વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વિરુધ્ધ વહેચણ માટે દાખલ કરેલ હતો. ત્યારબાદ પ્રતિવાદીઓને સમન્સ કરતા તેઓ હાજર થયેલ હતા અને તેઓએ વાદીના દાવાનો જવાબ રજું કરેલ હતો. ત્યારબાદ તારીખ ૦૨/૦૩/૨૦૧૭ના રોજ આંક–૨૧થી મુદ્દા ઘડવામાં આવેલ હતા અને કામ વાદીના પુરાવા માટે રાખવામાં આવેલ હતું. ત્યારબાદ વાદીએ આંક–૨૩થી પુરાવાનું સોગંદનામું રજું કરેલ હતું પરંતુ વાદી પોતાના પુરાવાના સોગંદનામામાં જણાવેલ હકીકતોનો પ્રતિવાદી ધ્વારા ઉલટ તપાસ કરાવવા સારું અદાલતમાં હાજર રહેતા ન હતા તેથી તારીખ ૧૯/૦૪/૨૦૧૯ના રોજ આંક–૨૩ તળે હુકમ કરી વાદીનું પુરાવાનું સોગંદનામું ડીસ્કાર્ડ કરવામાં આવેલ હતું. ત્યારબાદ વાદી તરફે આંક–૩૬થી અરજી આપી વાદીની ઉલટ તપાસનું સ્ટેજ ખુલ્લુ કરી આગળની કાર્યવાહી કરવા બાબતે અરજી આપેલ હતી. તે અરજી તળે હુકમ કરી વાદી પ્રતિવાદીને કોસ્ટ પેટે રૂા.૧૦૦૦/–(અંકે રુપીયા એક હજાર પુરા) ચુકવ્યેથી વાદીની ઉલટ તપાસનું સ્ટેજ વાદીના ડીફોલ્ટના કારણે બંધ થયેલ હતું તે ખુલ્લુ કરવા હુકમ કરવામાં આવેલ. આ હુકમ તારીખ ૧૯/૦૬/૨૦૧૯ના રોજ કરવામાં આવેલ હતો તેમ છતા વાદીએ આ હુકમનું પાલન કરી પ્રતિવાદીને કોસ્ટની રકમ હુકમ મુજબ ચુકવેલ નથી કે વાદી ફરીથી પોતાની ઉલટ તપાસ પ્રતિવાદી ધ્વારા કરવામાં આવે તે માટે અદાલતમાં હાજર રહેલ નથી. આ સંજોગોમાં વાદીના કસુરને કારણે હાલનો દાવો આગળ ચાલી શકે તેમ નથી. આજ રોજ પણ કોર્ટ સમય પુર્ણ થતા સુધી વારે વારે કોલ આઉટ કરાવવા છતા વાદી કે તેમના વકીલશ્રી હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ કે રજુઆત કરેલ નથી. આ સંજોગોમાં વાદી હાલનો દાવો આગળ ચલાવવા રસ ધરાવતા નથી તેવું સ્પષ્ટ ફલીત થાય છે. તેથી આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ રહેતો ન હોય તેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**વાદીનો હાલનો દાવો તેઓની ગેરહાજરી અને દાવાની કાર્યવાહી આગળ ન ચલાવવાના કસુરને કારણે ફેંસલ(Dismiss for Default) કરવા હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.**

આ હુકમ આજરોજ વડોદરા મુકામે તારીખ ૦૩જી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**૨૫માં એડીશનલ સીનીયર સીવીલ જજ**
**વડોદરા**
**GJ01046**